ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



પ્રકાશ બી પટેલ
મો. ૮૮૬૬૦ ૯૩૮૩૪

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

### આર. એન. લલિતકલા એકેડેમી અને મમતા સ્પોર્ટ્સ સેન્ટરનો

# સમર કેમ્પ-૨૦૧૭ સફળતાપૂર્વક સંપન્ન





સર્વ વિધ્યાલય કેળવણી મંડળ (કડી ) ગાંધીનગર સંચાલિત આર.એન. લલિતકલા એકેડેમી અને મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સમર કેમ્પ ૨૦૧૭ નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો સાંસ્કૃતિક સ્ટેજ કાર્યક્રમ શુક્રવારે સવારે ૦૯:૦૦ થી ૧૧:૩૦ દરમ્યાન સંસ્થાના બ્રહ્માણીકૃપા મેમોરીયલ હોલમાં યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ સી. પટેલ, એસ.કે.પટેલ બીબીએ કોલેજના પ્રિન્સિપાલ રમાકાંત પૃષ્ટી, આર. એન. લલિતકલા એકેડેમીનાં પ્રિન્સિપાલ દિનાબેન ડી.ડોડીયા ઉપસ્થિત રહ્યાં હતાં. અતિથિઓએ ભારતીય સંસ્કૃતિ મુજબ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો તથા શિબિર દરમિયાન શ્રેષ્ઠ દેખાવ કરનાર શિબિરાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દિનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. આ સમર કેમ્પ દરમ્યાન કલાગુરુ તરીકે સૌરભ પટેલ, જિજ્ઞેશ શુક્લ (શાસ્ત્રીય ગાયન, વાદન), રોશની બ્રહ્મભટ્ટ (કથ્થક), શકુંતલા ઓઝા (ભરતનાટ્યમ), સેન્સાઈ સેલ્વાકુમાર (કરાટે), વસીમ મનસુરી (સ્કેટિંગ), જિજ્ઞાબેન છાયા (યોગ) દ્વારા પોતાની નિષ્ણાત સેવાઓ આપવામાં આવી હતી. આ સમર કેમ્પમાં કેજીથી પીજી સુધીના ૧૫૦ જેટલા તાલીમાર્થીઓ જોડાયા હતા. સમાપન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બાળકો, વાલીઓ અને આમંત્રિતોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમ માણ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનિતા વસીતા ધ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ આર. સેલ્વાકુમાર દ્વારા કરવામાં આવી હતી.

### ડાયરેક્ટ ❤ સે

બુદ્ધિશાળી સાથે
તમે ગમે તેટલું ફરો
પણ અનુભવ તો
મૂર્ખ બન્યા પછી જ મળે

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
સચિન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧.૩૦
પાઈરેટ્સ ઓફ ધી કેરેબિયન (૩ડી, અંગ્રેજી) ૩.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧.૦૦, ૪.૦૦
હિન્દી મીડિયમ
૭.૦૦
હાફ ગર્લફ્રેન્ડ
રાત્રે ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૪૫, ૬.૪૫
બાહુબલિ-૨
૩.૩૦, ૯.૩૦
સચિન
સવારે ૧૦.૦૦



નર્મદા નિગમ મુખ્ય કચેરી ખાતે આસી. જનરલ મૅનેજર (ઉપ સચિવ) તરીકે ફરજ બજાવતાં શ્રીમતી ડી ઍમ પઠાણ અને શ્રી ડી આર પટેલને તાજેતરમાં સરકાર દ્વારા નાયબ સચિવ તરીકે બઢતી આપવામાં આવી હતી. તેઓની સેવા નર્મદા નિગમને મળી રહી છે. નર્મદા નિગમ કર્મચારી પરિવાર મંડળ તરફથી આ બંને અધિકારીઓનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. સમારોહમાં જી સી દરજી, મંથન ભટ્ટ, કમલેશ બારોટ, એ જે પટેલ, વી આર પાટીલ, મનોજ બેલાણી, જયશ્રી રાણા વગેરેએ ઉપસ્થિત રહી બંને અધિકારીઓને શુભકામનાઓ પાઠવી હતી.

### ૪૩ હજાર જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા

# આરટીઈ હેઠળ પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદત ૩૦ મે

ગાંધીનગર, તા. ૨૬

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧ની પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ૪૩૪૯૨ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા છે. જો કે હજુ લગભગ ૧૯ હજાર જેટલા વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ કરાવવાના બાકી હોવાથી ઈઈમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. હવે વાલીઓ ૩૦ મે સુધીમાં સ્કૂલ પર જઈને પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે એવા સમાચારો અગ્રણી અખબારોમાં વહેતા થયા છે. ઉપરાંત જે વિદ્યાર્થીઓની વાંધા અરજી મળી છે તેમને પ્રવેશ અંગેના મેસેજ શુક્રવારે મોકલી દેવાયા હતા, જેથી તેઓ પણ નિયત સમયમાં પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે.

પ્રાપ્ત માહિતી અનુસાર આરટીઈમાં પ્રવેશ માટે ચાલુ વર્ષે ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ૮૦ હજાર કરતાં વધુ માન્ય અરજીઓ મળી હતી. જેમાંથી ૬૨ હજાર જેટલા વિદ્યાર્થીઓને કાયમી પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. ત્યાર બાદ વાલીઓને પ્રવેશ અંગેની એસએમએસ દ્વારા જાણકારી આપવામાં આવી હતી અને ૧૫ મેથી ૨૫ મે દરમિયાન સ્કૂલ પર જઈને પ્રવેશ કન્ફર્મ કરાવી લેવા માટે સૂચના આપવામાં આવી હતી. પરંતુ ઘણા બધા વાલીઓને પ્રવેશને લઈને વાંધા હોઈ તેમણે વાંધા અરજી રજૂ કરી હતી. તારીખ ૧૫મી મેથી ૨૨ મે સુધીમાં રાજ્યમાં ૬૨ હજાર પૈકી માત્ર ૧૦ હજાર જેટલા જ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા હતા. જેથી ડીઈઓને સૂચના આપી સ્કૂલોમાં જઈ વાલીઓને પ્રવેશ કન્ફર્મ કરાવવાની કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવ્યું હતું. જેના પગલે ૨૩મી મેના રોજ એક જ દિવસમાં ૧૩ હજાર પ્રવેશ કન્ફર્મ થયા હતા. એટલે કે ૨૩ મે સુધીમાં ૨૩૮૫૪ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા હતા. ત્યાર બાદ ૨૪ મે સુધીમાં ૩૪ હજાર વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા હતા અને પ્રવેશ કન્ફર્મ કરવાના અંતિમ દિવસ સુધીમાં ૪૩૪૯૨ વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા હતા.

આમ, ૨૫ મેના રોજ પ્રવેશ કન્ફર્મ કરવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં ૪૩ હજાર જેટલા વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ થયા હતા અને લગભગ ૧૯ હજાર જેટલા વિદ્યાર્થીઓ હજુ પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે ગયા ન હોવાથી પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદત લંબાવવાનો નિર્ણય લેવાયો હતો. જેના પગલે હવે આરટીઈ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ ૩૦ મે સુધીમાં પોતાના પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. જે વાલીઓએ પ્રવેશને લઈને વાંધા અરજી કરી છે અને તેમની વાંધા અરજી માન્ય રાખવામાં આવી છે તેમને પ્રવેશ અંગેના મેસેજ શુક્રવારે મોકલી દેવામાં આવ્યા છે. જેથી તેઓ પણ ૩૦ મે સુધીમાં પોતાના પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. ૩૦ મેના રોજ પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદત પૂર્ણ થયા બાદ જેટલી બેઠકો ખાલી પડશે તે બેઠકો પર વેઈટીંગ લિસ્ટ ઓપરેટ કરી અન્ય વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે તેવા સમાચાર પ્રાપ્ત થયા છે.

# પીજી મેડિકલમાં પ્રવેશ માટે ઑલ ઈન્ડિયા કવોટાની બેઠકો ખાલી પડી

ગાંધીનગર, તા. ૨૬

પીજી મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ માટે ઓલ ઈન્ડિયા કવોટાની ૨૮૫ બેઠકો ખાલી પડતાં તે ભરવા માટે જે તે રાજ્યને પરત આપી દેવામાં આવી હતી. આ રીતે સમગ્ર દેશમાં પણ ઓલ ઈન્ડિયાની બેઠકો ખાલી પડી હતી. પીજી મેડિકલમાં નીટના આધારે જ પ્રવેશ અને કોમન કાઉન્સેલિંગના કારણે પહેલી વખત વિદ્યાર્થીઓને પીજી મેડિકલમાં મેરીટના આધારે પ્રવેશની તક મળી છે. અત્યાર સુધી દરેક યુનિવર્સિટી પોતાની રીતે પ્રવેશ પરીક્ષા લઈને મેરીટ જાહેર કરીને વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી, જ્યારે સ્વનિર્ભર કોલેજો મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે અલગથી એસોસીએશન બનાવીને વિદ્યાર્થીઓ પાસેથી સ્વતંત્ર અરજીઓ મંગાવીને મેરીટ તૈયાર કરતી હતી. જેમાં અંડર ટેબલ કરોડો રૂપિયાનો વહીવટ કરીને રૂપિયા આપે તેમને જ મેરીટમાં સ્થાન અપાતું હતું. આ સ્થિતિથી સ્વનિર્ભર મેડિકલ કોલેજમાં એમબીબીએસ કરનારા વિદ્યાર્થીઓએ ફરજિયાત સ્વનિર્ભર મેડિકલ કોલેજમાંથી જ પીજી કરવું પડતુ હતુ. આ માટે કરોડો રૂપિયા ડોનેશન તરીકે આપવા પડતાં હતા. આવી અનેક ફરિયાદો કેન્દ્ર સરકાર સુધી પહોંચી હતી. જેના અનુસંધાને ચાલુ વર્ષથી સમગ્ર દેશમાં માત્ર સરકારી નહી પરંતુ સ્વનિર્ભર મેડિકલ કોલેજોની મેનેજમેન્ટ કવોટા, સ્ટેટ કવોટા અને એનઆરઆઈ કવોટા સહીતની પીજી મેડિકલ બેઠકોમાં માત્ર એક જ પ્રવેશ પરીક્ષા નીટ ના મેરીટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો તેવું નકકી કરાયુ હતુ. રાજયમાં સરકાર દ્વારા પીજી મેડિકલ પ્રવેશ કમિટીની રચના કરીને કાર્યવાહી શરૂ કરાઈ હતી. કુલ બેઠકોના ૫૦ ટકા બેઠકો ઓલ ઈન્ડિયા કવોટામાં આપી દેવાઈ હતી. જે વિદ્યાર્થીઓને સ્ટેટ કવોટામાં પ્રવેશ નહી મળે તેવુ લાગે તેઓ ઓલ ઈન્ડિયા કવોટામાં દરખાસ્ત કરતાં, પરંતુ આ વખતે કોમન મેરીટ કાઉન્સેલિંગના કારણે રાજયમાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી જતાં ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો સમગ્ર દેશમાં ખાલી પડી હતી. રાજયમાંથી અપાયેલી ઓલ ઈન્ડિયા કવોટાની કુલ બેઠકો પૈકી ૨૮૫ બેઠકો પાછી આવી હતી.

# સી ઍમ હાઈસ્કૂલની વિદ્યાર્થીની ગુજકેટમાં ગાંધીનગરમાં પ્રથમ



ગાંધીનગર, તા. ૨૬


સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી ઍમ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨૩નું ગુજકેટનું પરિણામ ઉજ્જવળ આવ્યું છે. સ્કૂલની વિદ્યાર્થીની હિરલ કે દાવડાએ ૧૦૬.૨૫ ટકા ગુણ મેળવી ગાંધીનગર કેન્દ્રમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. સ્કૂલમાં પ્રથમ ક્રમે હિરલ કે દાવડા, દ્વિતિય લખન એચ ઠક્કર, તૃતિય પલ આર પંડ્યા, ચોથા સ્થાને ભાવિન આર સાતુનિયા, પાંચમા હિરેન એન વાઘેલા, છઠ્ઠા મિલવ જે પટેલ, સાતમા ભાવિક બી પ્રજાપતિ અને આઠમા સ્થાને આકાશ પી દરબાર ઉત્તીર્ણ થયા છે. સ્કૂલ તરફથી સૌ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# સમસ્ત લેઉવા પાટીદારોનાં આરાધ્ય દેવી મા અન્નપૂર્ણા અને અડાલજ

લેઉવા પાટીદારના મોટા ભાગના વહીવંચાઓ લેઉવા પાટીદારોને અયોધ્યા પ્રાંતના મૂળ નિવાસી બતાવી આર્ય પ્રજા તરીકે ઓળખાવે છે. અયોધ્યાથી તેઓ પંચનદ પ્રદેશમાં અને ત્યાંથી ગુજરાત-સૌરાષ્ટ્રમાં આવ્યા હોવાનું લખે છે. પાટીદારો ઉપરનું સ્વ. બાબુભાઈ પેથાણીનું ૨૦ વર્ષનું સંશોધન આ વાતને ઐતિહાસિક પુસ્તકો તથા પુરાણ-શાસ્ત્રો તરફ ઘસડી જાય છે. જુદાં-જુદાં સંશોધનો બાદ હવે સ્પષ્ટ થતું જાય છે કે લેઉવા કણબી અયોધ્યામાં વસતા હતા. અયોધ્યામાં વસવાટને કારણે તેઓ લવના કે કુશના કડવા નથી થયા. પરંતુ બે નવા પ્રાંતોનાં નામ ઉપરથી લેહવા અને કડવા કહેવાય છે. આ બંનેનું મૂળ તો આર્યપ્રજાનું જ છે.

**અવધની સ્થાપના**

આજની અયોધ્યા પ્રાચીન કાળમાં અવધપુરી તરીકે ઓળખાતી હતી. ભારતીય અનુશ્રુતિમાં વિવસ્વાન (સૂર્ય)ના પુત્ર મનુ વૈવસ્વતને પ્રથમ રાજવી ગણવામાં આવે છે. આ મનુ વૈવસ્વતને ૯ પુત્રો તથા ઈલા નામે પુત્રી હતી. મનુએ પોતાનું રાજ્ય પુત્રો વચ્ચે વહેંચી આપ્યું. સૌથી મોટો પુત્ર ઈક્ષ્વાકુ (સૂર્યવંશી) હતો. તેણે ઈસ પૂર્વે ૬૧૫૯માં પ્રજાપતિને સાથે લઈ નવી ભૂમિની શોધમાં આગળ વધતા આદિ ભારતની શોધ કરી. સરસ્વતી નદીને કિનારે ઈસ પૂર્વે ૫૧૫૮માં વૈદિક યજ્ઞ કરી ત્યાંથી આગળ વધીને સરયૂ નદીને કિનારે આવી અવધ નામની નવી નગરી વસાવી અને પોતાની રાજધાની સ્થાપી. અવધનગરીમાં ઐક્ષ્વાકુવંશ સ્થાપ્યો. ઈક્ષ્વાકુનો વંશજ શર્યાતિને અવધનો સેનાપતિ બનાવ્યો. તેની સેનામાં આર્યકુર્મીઓ પણ હતા, જે આજના લેઉવા કણબી હોવાનું ફલિત થાય છે. આ ઈક્ષ્વાકુ પછી અયોધ્યાની ગાદીએ આવેલા ઉત્તરોત્તર રાજાઓમાં પણ આર્યકુર્મીઓનો ફાળો રહેલો હતો તથા પ્રભુત્વ જામેલું હતું. ઈક્ષ્વાકુથી ૧૯મી પેઢીએ ઈસુ પૂર્વે ૫૮૧૭માં માંધાતા નામે રાજા થયો. તેને ભારતનો પહેલો સમ્રાટ ગણવામાં આવે છે. ઈક્ષ્વાકુથી ૩૧મી પેઢીએ ઈસુ પૂર્વે ૫૬૦૧માં અયોધ્યા પર સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર થયો. ત્યારબાદ રઘુ, અજ અને ઈસ પૂર્વે ૫૧૬૯માં રાજા દશરથ થયા. રાજા દશરથને ૫૫ વર્ષે કૌશલ્યાના ગર્ભથી ઈસ પૂર્વે ૫૧૧૪માં ભગવાન રામચંદ્રજીએ અવતાર લીધો. ૧૦મી જાન્યુઆરીએ બપોરના સમયે રામને ત્યાં સીતાજીના ગર્ભમાંથી ઈસ પૂર્વે ૫૦૭૪ના પોષ માસમાં બે જોડિયાં બાળકો લવ અને કુશનો જન્મ થયો. તેમનો ઉછેર વાલ્મિકી મુનિએ વનમાં કર્યો.



આ લવ અને કુશે મનુના ચોથા પુત્ર દિષ્ટના વંશજ અને વિશાલ નગરીમાં રાજ્ય કરતા જનમેજય નામના રાજા ઉપર ચડાઈ કરી તેને હરાવ્યો. રાવી નદીને કાંઠે પોતાના નામને જોડતો નવો પ્રાંત લેહ કે લવપ્રાંત સ્થાપી તેમાં લવપુરી નામે નગરી વસાવી સાંતિ, વ્યવસ્થા સ્થાપ્યાં. કુશે કરડ કે કૈટભ નામનો પ્રાંત વસાવી તેમાં કુશવતી નામે નવી નગરી સ્થાપી શાંતિ, વ્યવસ્થા જાળવ્યાં.

લેહ પ્રદેશમાંથી જે આર્ય પ્રજા નીકળી તે 'લેહવા' કહેવાયા અને કરડ પ્રદેશમાંથી જે પ્રજા નીકળી તે 'કરડવા' કે 'કડવા' કહેવાયા.

ભગવાન વિવસ્વાન (પ્રથમ મનુ) જ્યારે મધ્ય એશિયામાં રાજ્ય કરતા હતા ત્યારે અનન્ય કારણસર રાજ્યને ત્યજવું પડ્યું અને તેઓ ત્યાંથી કુર્મી ક્ષત્રિયોને લઈને અયોધ્યા પ્રાંતના સ્થળે આવ્યા, આર્યપ્રજાઓને અયોધ્યામાં વસાવી. એ વાતને આજે લગભગ ૮ હજાર વર્ષ થયાં છે. એટલે કહી શકાય કે લેઉવા કણબી પાટીદારોની પ્રથમ વસાહત અયોધ્યા જ હતી. લેઉવા કણબીના મોટા ભાગના બારોટો પણ આ વાતને કબૂલે છે. શેરડીનું પ્રથમ વાવેતર લેઉવા કણબી પાટીદારોએ અયોધ્યામાં શરૂ કર્યું હતું. અયોધ્યાથી આ પ્રજા પંચનદ આવી વસી હતી.

ઈતિહાસવિદ-સંશોધક સ્વ. બાબુભાઈ પેતાણીના સંશોધનમાં લેઉવા પાટીદારોનો પ્રથમ જથ્થો પંચનદ થઈને ઈસુ પૂર્વે એટલે આજથી લગભગ ૨૪૦૦ વર્ષ પહેલાં અડાલજ નામના ગામમાં આવ્યો હતો. ઈતિહાસ કહે છે કે લેઉવા કણબી પાટીદારો ઈસ પૂર્વે ૬૦૦થી ઈસ ૨૦૦ સુધીના ગાળામાં લેહ-લેયા કે લોર નામે ઓળખાતો પ્રદેશ છોડી અને ત્યાંથી અજમેર, મારવાડ, જયપુર, ભિન્નમાળ અને હાલના પાટણવાડા માર્ગે અડાલજ આવ્યા હતા. આ સમયે અડાલજ કોઈ એક સંસ્કૃતિવાળું નગર હતું.

અડાલજમાં પ્રથમ પગ મૂકનાર ધેબર કાનકુસી સતિયા નામનો એક કુર્મી ક્ષત્રિય-લેહ પ્રદેશમાંથી ઉચાળા ભરી ઈસ પૂર્વે ૪૦૦માં પોતાના નાતભાઈઓ અને પરિવાર સાથે આવ્યો હતો. આ ધેબર કુર્મીના આદિ પૂર્વજો અવધ નગરીમાં ઈસ પૂર્વે ૫૮૧૭માં સૂર્યવંશી માંધાતા રાજાના રાજ્યમાં શેરડીની ખેતી કરતાં હોવાનું સ્વ. પેથાણીનું કથન છે.

'કારવણ તીર્થનો ઈતિહાસ'ના લેખક હીરાભાઈ શામજીભાઈ પટેલ લખે છે કે લેઉવા કણબી પાટીદારોના વંશ-વારસો કુળદેવી અન્નપૂર્ણાને લઈ અડાલજ ગામે આવ્યાં હતાં. અડાલજમાં તેમણે ચાર મુખ્ય (ચોમુખી) મોટી વાવ બંધાવી અને વાવના મોટા ગવાક્ષમાં મા અન્નપૂર્ણાની સવા મણ સોનાની મૂર્તિ પધરાવી હતી. (ક્રમશઃ)

લેખક - ચંદ્રકાન્ત પટેલ 'સરલ'

પુસ્તક : 'શ્રી અન્નપૂર્ણાધામ અડાલજ'

# આરટીઓમાં આધારને માન્ય પુરાવા તરીકે ગણવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યની આરટીઓ કચેરીમાં આધાર કાર્ડને માન્ય પુરાવા તરીકે ગણાવામાં આવતો ન હોવાને લઈ ગુરૂવારે અમદાવાદ મોટર ડ્રાઈવિંગ સ્કૂલ ઓનર્સ એસો. દ્વારા રાજ્યના વાહન વ્યવહાર કમિશનરને લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી. જેમાં આધારને પણ માન્ય પુરાવા તરીકે ગણવામાં આવે તેવી માંગણી વ્યક્ત કરાઈ હતી. તેમની માંગણીને અનુસંધાને વાહન વ્યવહાર કમિશનર દ્વારા ટૂંક સમયમાં આ અંગે નિર્ણય લેવા ખાતરી અપાઈ હતી.

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૬માં આધારને માન્ય પુરાવા તરીકે ગણવાનો ગેઝેટ બહાર પાડવામાં આવ્યો હતો. પરંતુ ત્યાર બાદ હજુ સુધી ગુજરાતમાં આરટીઓ કચેરીમાં આધાર કાર્ડને માન્ય પુરાવા તરીકે ગણવા અંગે સત્તાવાર પરિપત્ર કરવામાં આવ્યો ન હતો. જેના પગલે આરટીઓ કચેરીમાં કામકાજ માટે આવતા લોકો પાસેથી આધાર કાર્ડને માન્ય પુરાવા તરીકે ગણવામાં આવતો ન હોઈ તેમને ધક્કા ખાવાનો વારો આવતો હતો.

આ મુદ્દે અમદાવાદ મોટર ડ્રાઈવિંગ સ્કૂલ ઓનર્સ એસોસિએશનના અગ્રેણી હરિશ પટેલે ગુરૂવારે રાજ્યના વાહન વ્યવહાર કમિશનરને રૂબરૂ મળી લેખિતમાં રજૂઆત કરીને આરટીઓ કચેરીમાં પણ આધારને માન્ય પુરાવા તરીકે મંજુરી આપવા માંગ કરી હતી. આ રજૂઆતના પગલે વાહન વ્યવહાર કમિશનરે આગામી દિવસોમાં આ અંગે સત્તાવાર નિર્ણય કરી જાહેરાત કરવાની ખાતરી આપી હતી.